# પુરોવચન

## વિદ્યાવારિધી શ્રી કેશવરામ કાશીરામ શાસ્ત્રી

**ખંભાત**ના ખ્યાતનામ વયોવૃદ્ધ વિદ્વાન શ્રી. નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટે લખેલા "ખંભાતનું સાંસ્કૃતિક દર્શન" એ ગ્રંથનું દર્શન કરતાંજ પહેલી જે છાપ પડે છે તે એ કે એ માત્ર "સાંસ્કૃતિકદર્શન" નથી, પરંતુ ઇતિહાસ પુરાતત્ત્વ વગેરેને સાંકળી છેક અદ્યતન સમય સુધીના ખંભાતના વિકાસનો આમૂલચૂડ ખ્યાલ આપતો "**સર્વસંગ્રહ**" છે ૪૮ જેટલાં પ્રકરણો અને ૨ પરિશિષ્ટોથી સમૃદ્ધ આ ગ્રંથ એકલે હાથે થયેલો હોઇ—અને એ પણ ૮ પેજી ક્રાઉન સાઇઝનાં લગભગ ૯૦૦ જેટલાં પાનાં રોકતો હોઈ એના લેખકે જે અથાગ શ્રમ લીધો છે તેની પ્રતીતિ કરાવે છે.

ગુજરાતનાં જ નહિ, ભારતનાં જ નહિ, વિશાળ ભારતવર્ષનાં પ્રાચીન સ્થાનોમાં સેંકડો વર્ષોથી ખંભાત એનું સ્વતંત્ર વ્યક્તિત્વ અનેક ક્ષેત્રે સાચવી રહ્યું છે. એની અદ્દભુતતા એ છે કે અસામાન્ય કોટિની ચડતીપડતીઓનાં મોજાંઓમાંથી એ પસાર થયેલું છે. અખાતના અંદરના ભાગનું એ સુરક્ષિત બંદર હોવાને કારણે અનેક સાહસિક પ્રજાઓની હેરફેરનું અને અનેકવિધ વેપારનું એ પશ્ચિમ ભારતવર્ષનું કેંદ્રસ્થાન બની રહ્યું હતું. આજે એને "હતું" એમ કહેવું પડે છે; એ સમયની બલિહારી છે કે જેવું સુરતને પણ આપણે "હતું" એમ કહેવું પડે છે. બેશક સુરત એટલી પ્રાચીનતા ધરાવે છે કે નહિ એ હજી સિદ્ધ કરવાનું બાકી છે.

પ્રકરણ ૧ થી ૧૯ એ પૌરાણિક અને ઐતિહાસિક વિગતોથી સમૃદ્ધ પ્રકરણો છે. "ચોરાસી બંદરના વાવટા" તરીકે જાણીતા, સમૃદ્ધિની ટોચે પહોંચેલા આ નગરની વિદેશોમાં કેટલી ખ્યાતિ હતી એ ગુજરાતના સુલતાનોને અને પછી દિલ્હીના શહેન-શાહોને "**ખંભાતના રાજા**" તરીકે ઉલ્લિખિત થયા જોવા મળે છે. (પૃ. ૨) એના ઉપરથી સમજાય છે.

વિદ્વાન લેખકે "**ખંભાત**" નામ કેવી રીતે પડ્યું એ વિશે ખ્યાલ આપતાં એ સંજ્ઞા અને એના મૂળમાં ભિન્ન ભિન્ન અને સૂચવાયેલી સંજ્ઞાઓ કેટલા જૂના સમયથી પ્રચલિત હતી એ બતાવતાં અનેક પ્રમાણ એકત્રિત કરીને આપ્યાં છે—ભિન્ન ભિન્ન ભાષાવિદોએ '**ખંભાત**' શબ્દનું સંસ્કૃત મૂળ બતાવવાના કરેલા પ્રયત્નોનો પણ ખ્યાલ આપતા તે તે ગ્રંથ તેમજ તે તે વિદ્વાનના મતનો સમાવેશ કરી ભવિ-ષ્યના વિદ્વાનોને વિચાર કરવાનું ભાથું રજૂ કરી આપ્યું છે. વધુમાં વધુ નજીકનું મૂળ 'स्कम्भादित्य' હોઇ શકે. જેના વિકાસમાં 'खंभाइच्च' અને 'खंभाइत्त' અને 'खंभायत' - 'ખંભાત' નગરનામ તરીકે તો સરળતાથી રાગનામ તરીકે "ખમાચ" આવી રહે છે. પ્રચલિત નામ ઉપરથી સંસ્કૃતીકરણની આપણે ત્યાં એક પરિપાટી હતી; એને કારણે

ઘણીવાર દૃશ્ય સંજ્ઞાઓનું પણ સંસ્કૃતીકરણ કરી પછી એ સંસ્કૃત થયેલો શબ્દજ પ્રચલિત શબ્દનું મૂળ હોય એવું આપણે ત્યાં અનેક સ્થળો માટે બન્યું છે. 'ભરૂચ' ને માટે 'भृगुकच्छ', 'સુરત' ને માટે 'सुरति', 'વડોદરા' ને માટે 'वटोदर', 'નડિયાદ' ને માટે 'नटपुर', જૂનાગઢ માટે 'जीर्णदुर्ग', હાંસોલ ને માટે 'हर्षपुर' આવાં અનેક ઉદાહરણ આપી શકાય. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ સ્વાભાવિક મૂળ શુદ્ધ હોવા છતાં પૂર્વ સાહિત્યમાં કે ઉદ્દિત અભિલેખોમાં કે સિક્કામાંથી ન મળે, છતાં સ્વાભાવિકતા એવા નામનીજ હોઈ શકે. જૂનાગઢનું નામ "વિવિધ તીર્થકલ્પ" જો जुण्ण गढ કહેતો આપણે जीर्ण નો આગ્રહ છોડી સં. અલ્પપ્રચલિત જૂર્ણ નો સમાદર કરવોજ પડે આચાર્ય હેમચંદ્રે स्तम्भ ના थंभ અને खंभ એવા બે આદેશ આપ્યા હોય તો थंभ એ સ્વાભાવિક વિકાસ અને खंभ એ આદેશજ ગણાય, અને તો खंभ ના મૂળ માટે સં. વૈ. स्कम्भ નો સમાદર કરતાં આપણે શા માટે અચકાવું જોઈએ ? ઘણા પ્રાકૃત શબ્દ એવા છે કે જેનાં મૂળ સંસ્કૃતમાં નથી; પણ વૈદિક ભાષામાં મળે છે. वयम् માંથી અંગ્રેજી We આવ્યો, यूयम् માંથી અંગ્રેજી You આવ્યો; પણ ગુજ, 'અમે', 'તમે' વૈદિક 'अस्मे'-'तुष्मे' સુધી જવું પડે. 'ખંભે', 'ખાંભો' અને ગામ નામ 'ખાંભા' વગેરે स्कम्भ સિવાય આરો નથી. એજ રીતે 'ખંભાત' સંજ્ઞામાં આદિપદ स्कम्भ લેવું અનિવાર્ય થઈ પડે છે, એ સ્થળ ઉપર સૂર્યપૂજાના ઝળહળતા યુગમાં 'स्कम्भादित्य'નું સ્થાન માત્ર હોય અને નજીકમાં મહાનગર **'નગરા'** હોય; નગરા ભાંગી પડતાં પછી स्कम्भादित्य ના મંદિરનું સ્થાન સમગ્ર વસાહતને મળે એ અસામાન્ય નથી "જડેશ્વર", 'અંબાજી', 'ખેડબ્રહ્મા', 'બહેચરાજી' જેવાં ગામ-નામ કયાં જાણીતાં નથી ?

લેખકની ખેલદિલીનો ખ્યાલ ૪થા પ્રકરણમાં આવે છે. જ્યાં સ્કંદપુરાણાંતર્ગત કુમારિકા ખંડની ખંભાતને લગતી વિગતો આપતાં ડૉ. રમણલાલ ના. મહેતાનો એ ખંડ ઇ. સ. ૧૬ મી, ૧૭ મી, સદી પહેલાંનો ન હોવાનો અભિપ્રાય નોંધ્યો છે. (પૃ. ૨૭) પ્ર. ૭ થી ૧૧ ખંભાતના ક્ષત્રપકાલથી લઈ તઘલખ વંશ સુધીના રાજકીય ઇતિહાસથી સમૃદ્ધ થયાં છે. જ્યાં આવશ્યક લાઘવ બરોબર જળવાયું છે. અર્વાચીન યુગનો આદ્ય ઇતિહાસ ખંભાતને માટે યુરોપીય પ્રજા અને પ્રવાસીઓની અવરજવર સાથે સંબંધ ધરાવે છે, અને એ ૧૨-૧૩ પ્રકરણમાં છે. આ સમય ગુજરાતની મુસ્લિમ સલ્તનતનો છે. જેમાં એ પૂર્વેના પણ પ્રવાસીઓ નોંધાયા છે. સંક્ષેપમાં પણ નિરૂપણ એ આ પ્રકરણોની લાક્ષણિકતા છે.

પ્રકરણ ૧૪ પણ રાજકીય ઇતિહાસનું છે. જેમાં ખંભાતના કેટલાક મુત્સદ્દી પેશકારો ઉત્તર કાલમાં થયા તેમનો પરિચય છે. ૧૫મા પ્રકરણમાં ખંભાતના નવાબોનો ઇતિહાસ અપાયો છે; જેમાં નવાબોના પૂર્વપુરૂષ મિરઝાં જાફર નજુમુદ્દૌલા ઉર્ફે

મોમીનખાન (ઇ. સ. ૧૭૩૦-૧૭૩૪), મહંમદશાહ (ઈ. સ. ૧૭૧૯) ના સમયમાં ગુજરાતના સુબા મુબારિજઉલ મુલ્ક સરબુલંદખાનને હાથે "નિજામુદ્દૌલા" નો ખિતાબ પામી પેટલાદ પરગણાના ઇજારદાર બન્યા ત્યાંથી આરંભ થાય છે. ખંભાતના ઉત્તરોત્તર આવતા નવાબોનો સમય મુખ્યત્વે મરાઠા રિયાસતીઓ સાથેના સંઘર્ષનો છે. આ ઇતિહાસ લેખકે અદ્યતનકાલ સુધીનો આપી દીધો છે. વચ્ચે '૧૫ અ' પ્ર. તીર્થક્ષેત્ર તરીકેની ખંભાતની વિશિષ્ટતા આપી. ખંભાતની નગરરચનાનો ખ્યાલ આપવા ૧૬ થી ૨૦ સુધીનાં પ્રકરણો નિરૂપાયાં છે ગ્રંથકારની ચીવટ અને ઝીણવટનાં આમાં દર્શન થાય છે.

પ્ર. ૨૧ થી ૩ ખંભાતની સાંસ્કૃતિક અને શૈક્ષણિક અને વ્યવહાર વિષયક વિકાસગાથાથી સમૃદ્ધ થયેલ છે. પ્ર. ૩૫ થી વિશિષ્ટ રીતે સાંસ્કૃતિક વિકાસ નિરૂપાયો છે. ખંભાતના સાહિત્યકારો, જૈનાચાર્યોની ખંભાતમાં રહી રચાયેલી ગુજરાતની રચનાઓ, ખંભાતના કવિઓની ગુજરાતી રચનાઓ, ગુજરાતી લોકસાહિત્યમાં ખંભાત, ખંભાતમાં સ્ત્રીકેળવણી, ખંભાતના ઇતિહાસ લેખકો, વિદ્યોતેજક મંડળો, દર્શનીય દેવાલયો, સાંપ્રદાયિક મંદિરો, જૈનદર્શનીય દેરાસરો, વિવિધ જૈન સંપ્રદાયો, શ્રીમદ્ રાજચંદ્ર અને ખંભાત આવા વિષયોના સપ્રમાણ પરિચય આપ્યા પછી ગ્રંથકારે ૫૧મું પ્રકરણ મુસ્લિમોએ ખંભાતના વિકાસમાં આપેલા અનેકવિધ ફાળાનો સુચક ખ્યાલ આપ્યો છે. ખંભાતનાં મુસ્લિમ પ્રાચીન સ્થાન ઉચ્ચકોટિના સ્થાપત્યના નમુના છે એ આપણો અનુભવનો વિષય છે. આ સ્થાનોના પરિચય સાથે ઓલિયા, અને રોજાઓ, ઇદગાહ, ઇમામવાડા, સરકારી તાજીયા, મહોરમ, વહોરા જ્ઞાતિ જેવા વિષયો પણ નિરૂપ્યા છે. પ્ર. ૫૨ અને ૫૩ પારસી અને ખ્રિસ્તી સંસ્કૃતિકનું ખંભાતને જે કાંઇ પ્રદાન થયું છે તે વિષે માહિતી આપે છે.

પ્ર. ૫૪ ખંભાતની ખીલેલી વિવિધ કળાઓનો પરિચય કરાવે છે. જેમાં સંગીત ચિત્રકલા, મુદ્રણકલા, ભજવાયલાં સંસ્કૃત નાટકો, ભવાઇ, આધુનિક નાટકો, સીનેમાગૃહો, જુનાં નવાં શિલ્પસ્થાપત્યો, મુસ્લિમ સ્થાપત્ય, લાકડાનું કોતરકામ, અર્વાચીન ફોટોગ્રાફી, પ્ર. ૫૬ માં ખંભાત ખાતે વહેતા 'હિંદુસંસ્કૃતિના પ્રવાહો' નો ખ્યાલ અપાયો છે વચ્ચે પ્ર ૫૭ માં 'નાણું અને એંકો' વિષે આપી ૫૮-૫૯-૬૦ એ ત્રણ પ્રકરણ કરી ઇતિહાસમાં ડોકીયું નાખે છે. અમદાવાદના સુલતાનો અને દીલ્હીના મોગલ બાદશાહો, ખંભાતના નવાબો અને ખંભાતનું રાજ્ય હિંદી સંઘમાં વિલીનીકરણ, એ વસ્તુ સંક્ષેપમાં બતાવે છે.

પ્ર. ૬૧ થી ખંભાતનો મુખ્યત્વે સાંસ્કૃતિક વિકાસ આપવાનો પ્રયત્ન છે. જેમાં ખંભાતની નગરપાલિકા, નાના ઉદ્યોગો; ધ્યાન ખેંચનારો ખંભાતનો વિશિષ્ટ

અકીક અને ઝવેરાતનો ઉદ્યોગ; કાપડ ઉદ્યોગ, છેક અદ્યતન સમયમાં વિકસેલો ખનિજ તેલનો ઉદ્યોગ, મીઠું અને લોખંડ વગેરે આપી, કૃષિવિજ્ઞાન અને સર્વોદય પ્રવૃત્તિએ કરેલી વિકાસયાત્રા નિરૂપાઈ છે.

ખંભાતનો સામાજિક ઇતિહાસ એના સાંસ્કૃતિક ઇતિહાસ સાથે એકાત્મક છે, અને તેથી પ્ર. ૭૦ થી ૮૪ સુધીનામાં ક્રમ પરિશિષ્ટો જેવાં કહી શકાય 'હૃદય દ્રાવક અકસ્માતો'' નો આમાં સમાવેશ છે. ખંભાતને આંગણે આવેલા ભારતભરના અગ્રિમ-કોટિના અતિથિઓ વિશે પણ એક પ્રકરણમાં માહિતી મળે છે ખંભાતનું વહાણવટુ આ પ્રકરણોમાં મહત્ત્વનું પ્રકરણ છે. પૃ. ૫૮૨–૬૦૨ માં અપાયેલો આ વિશેનો પરિચય ખંભાતના ઇતિહાસનું એક મહત્ત્વનું પ્રકરણ બની રહ્યા છે ઇ સ. ૭૪૬ થી લઈ ઇ. સં. ૧૮૮૪ સુધીનો ક્રમિક વિકાસ—વચ્ચેનાં હ્રાસ અને વૃદ્ધિ સહિતનો—અનેક પ્રકરણોથી સમૃદ્ધ થયેલો અપાયો છે. આ પ્રકરણ જુદું પણ છપાવી લેવા જેવું છે.

ખંભાતના મુંબઇમાં જઈ વસનારા ધનિકોનો ખંભાતના વિકાસમાં જે ફાળો આપેલો છે, તેનો ઇતિહાસ પણ વાંચવા જેવો છે. એમાં આપણને બીજા કોઈપણ નગરોના બહાર જઇ વસેલા વતનીઓ કરતાં ખંભાતના બહાર જઇ વસેલાઓનો ખંભાત માટેનો પ્રેમ ઉચ્ચ માત્રામાં અનુભવાય છે. (પૃ. ૬૨૫–૬૩૧)

ખંભાતની લોકકથાઓ અને લોકગીતો, પ્રશસ્તિઓનું નાનું પ્રકરણ પણ ધ્યાન ખેંચ્યા વિના રહેતું નથી. આ પણ પરિશિષ્ટની કોટિનું છે. જેને અંતે (પૃ. ૬૪૨ ૬૫૦) જૂની નવી રચનાઓ પ્રશસ્તિઓ (૬૫૧–૬૬૬) જોવા મળે છે.

પ્ર. ૮૩માં સાર્વભૌમ ભારતના ઘડવૈયાઓનો પરિચય અપાયો છે, આ માત્ર સંગ્રાહ્યકોટીનું પ્રકરણ છે.

આ ગ્રંથ '**સર્વસંગ્રહ**' કોટીનો છે. તેઓનો છેલ્લા ૮૪મા પ્રકરણથી સમજાય છે. આ પ્રકરણના બંને ખંડોમાં થઈ વિદેહ અને વર્તમાન વિશિષ્ટ નાગરીકોનો સંક્ષિપ્ત પરિચય સુલભ કરી આપવામાં આવ્યો છે.

છેલ્લાં બે પરિશિષ્ટો 'સાલવારી બનાવો' અને 'ખંભાતની વસ્તી અને ખંભાત તાલુકાનાં ગામ' એ પણ સર્વસંગ્રહ'ની દૃષ્ટિએ ઉપયોગી ગણાય.

આટલી ઉંમરે પણ વિદ્વાન લેખકે ખંભાતની નાની મોટી કોઇપણ પણ વાત બાકી રહી ન જાય એની સાવધાની રાખી છે. એ કોઇપણ વાચકને લાગ્યા વિના નહી રહે. મારી દૃષ્ટિએ પ્ર. ૧ થી લઇ ૧૯, ૨૮ (જૈન ભંડારો); ૩૫ થી ૩૮, ૪૫ થી ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૩, ૭૭ (વહાણવટુ) આ પ્રકરણો ખભાતના સાંસ્કૃતિક ઇતિહાસના મહત્વનાં પૂર્ણ પ્રકરણો છે. ભવિષ્યમાં જ્યારે પણ યોગ મળે ત્યારે એ